HGH INDIA® 2021
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
Inspiring Business for 10 years
November 30 - December 3, 2021,
INDIA EXPO CENTRE, GREATER NOIDA, DELHI NCR
NEWS 2
A TEXZONE Event
www.hghindia.com
Where business feels at home!

# ઘણું બધું જોવા જેવું અને રિકનેક્ટ થવા જેવું છે

નાણાકીય વર્ષ 2021–22 (જુલાઈ–સપ્ટેમ્બર 2021)ના બીજા ત્રિમાસિકમાં વેપાર ફરીથી ઊભા થયા છે અને દિવાળીમાં સારા વેચાણ સાથે બધી હોમ પ્રોડક્ટ્સ શ્રેણીમાં મોટા ભાગના રિટેઈલરો વેચાણ અને ગ્રાહકોની માગણીની દષ્ટિએ સારું કામ કરી રહ્યા છે. તેઓ આગામી થોડા મહિના અને આગામી વર્ષમાં આ પ્રવાહ ચાલુ રહેશે એવી ધારણા રાખી રહ્યા છે. ઘણા બધાનો માલ ખતમ થઈ ગયો છે અને અમે શક્ય તેટલી ઝડપથી નવો માલ ભરવા માગીએ છીએ. ડિસેમ્બર બધા સારા રિટેઈલરો માટે વસંતઋતુ/ઉનાળા માટે બીજી સોર્સિંગ સીઝન તરીકે સ્પષ્ટ રીતે ઊભરી આવશે.

આ સ્થિતિમાં એચજીએચ ઈન્ડિયા 2021 ખાતે પ્રદર્શિત થનારી આશરે 300 ભારતીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ અને ઉત્પાદકોની પ્રોડકટો અને ભારતભરમાંથી હજારો ટ્રેડ બાયરો દ્વારા પૂર્વ–નોંધણી થકી તેમની મુલાકાતને સમર્થન આપી દીધું હોવાથી ઈન્ડિયા એક્સપો સેન્ટર, ગ્રેટર નોઈડી, દિલ્હી એનસીઆર ખાતે 30 નવે– 3 ડિસે. 2021ના નિર્ધારિત 10મી વાર્ષિક આવૃત્તિ હોમ સેગમેન્ટ ટ્રેડ બાયરો અને સેલરોને આ બજારની માગણીની સ્થિતિનો લાભ લેવા માટે ઉત્તમ તક આપવાનું વચન આપે છે.

એકંદરે ભારતમાં ઘર પર ધ્યાન વધ્યું હોવાનું જોવા મળ્યું રહ્યું છે. નવા નિયમોએ પારિવારિક જીવન અને ઘરમાં વધુ રહેવા પર ધ્યાન ખસેડ્યું છે. ઘણા બધા લોકો પરિવારો સાથે એકત્ર આવ્યા છે અને પોતાનું ઘર બનાવવાનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધી રહ્યું છે. માળો બનાવવો અને ઘરને અદ્યતન બનાવવાનું ખર્ચનો મહત્ત્વપૂર્ણ હિસ્સો બની ચૂક્યાં છે. નવી સ્વીકારાયેલી વર્ક ફ્રોમ હોમ સંસ્કૃતિ, આપણા જીવનમાં વધતું હાઈજીનનું મહત્ત્વ અને સ્વતંત્ર ઘરગથ્થુ વ્યવસ્થાપને ફર્નિશિંગ્સ અને હોમ ટેક્સટાઈલ્સ, મેટ્રેસીસ, નાનાં ફર્નિચર અને ડેકોર, કિચનવેર અને કિચન એપ્લાયન્સીસ અને એકંદર હાઉસવેર શ્રેણી જેવી કેટેગરીઓને બજારમાં આવકાર મળ્યો છે. ભારતીય ગ્રાહકો, દેખાવ, સુવિધા અને આરામની દષ્ટિએ વધુ રુચિ અને ઊર્જા સાથે તેમનાં ઘરોને અદ્યતન બનાવી રહ્યા છે. ઘર કાયમી મહાપ્રવાહ છે, જેમાં હાલમાં મહામારી પછી અચાનક ઉછાળો આવ્યો છે. હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ્સની રિટેઈલ સ્તરે માગણીમાં તીક્ષ્ણ વધારો વર્તમાન હોમ પ્રોડક્ટની અગ્રતાઓ માટે અસલ દુનિયાનો દાખલો છે. રસપ્રદ રીતે ભારતભરમાં રિટેઈલરો, બ્રાન્ડ્સ અને ઉત્પાદકો સાથે એચજીએચ ઈન્ડિયાની ટીમ દ્વારા કરાયેલા વાર્તાલાપ ધ્યાનમાં લેતાં લાંબા ગાળાની સંભાવની આશાસ્પદ દેખાઈ રહી છે.




આ સમય ભારતની ઘરઆંગણાની હોમ પ્રોડક્ટ્સ બજાર પર સ્પષ્ટ રીતે વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનો છે, કારણ કે તે વોલ્યુમ અને ગુણવત્તામાં પણ વધી રહી છે. ભારતીય કંપનીઓને આ તબક્કે વિદેશી ઉત્પાદકોને તુલનામાં સ્પષ્ટ રીતે ફાયદો છે, કારણ કે તેઓ બજાર, રિટેઈલરો અને ગ્રાહકોની વધુ નજીક છે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય વેપારો  તીવ્ર લોજિસ્ટિક્સ સમસ્યાઓ, મોજૂદ પ્રવાસ નિયંત્રણો અને જટિલ ભારતીયબજાર પ્રત્યે દરિયાપારના ઉત્પાદકોનું ઓછું ધ્યાનને કારણે હાલમાં મુશ્કેલીમાં છે. આથી ભારતીય કંપનીઓ છેલ્લા થોડા સમયથી તેમની ઘરની બજારમાં વધુ રસપ્રદ બની રહી છે. ભારતીય બજારની તકો નવી ઊંચાઈએ પહોંચવા સાથે રિટેઈલરો, બ્રાન્ડ્સ અને ઉત્પાદકો વચ્ચે નિકટવર્તી જોડાણ આવશ્યક બની ગયું છે. મજબૂત સપ્લાય ચેઈન અને વિશ્વસનીય વિતરણ ભાગીદારીઓ જરૂરી છે. એચજીએચ ઈન્ડિયા 2021 ભારતીય બજારના સ્થાનને દઢ બનાવવા અને નવી વેપારી ભાગીદારીઓ સ્થાપિત કરવા માટે સ્થાપિત અને આગામી બ્રાન્ડ્સ માટે અજોડ તક આપે છે.

એચજીએચ ઈન્ડિયા 2021 ટ્રેડ બાયર્સ અને પ્રોફેશનલ્સ માટે સૌપ્રથમ અખંડ હોમ પ્રોડક્ટ શો છે, જે હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર, નાનાં ફર્નિચર, ગિફ્ટ્સ અને હાઉસવેરમાં પ્રોડક્ટો અને કંપનીઓનો કાર્યક્ષમ દષ્ટિબિંદુ આપે છે. આ ટ્રેડ શોની 10મી વાર્ષિક આવૃત્તિમાં ભારતીય હોમ રિટેઈલ બજારમાં નવી ઊભરતી વસંતઋતુ અને ઉનાળાનીમોસમ માટે મુખ્યત્વે નવીનતા અને નવીન પ્રોડક્ટો જોવા મળશે. વેપાર મુલાકાતીઓ માટે આ ટ્રેડ ફેર નિયમિત પ્રદર્શનકારીઓ સાથે ઘણા બધા નવા પણ પ્રદર્શિત કરશે. ચાર દિવસમાં એચજીએચ ઈન્ડિયા 2021 પ્રદર્શનકારીઓને તેમની સ્થાપિત વેપાર ભાગીદારો સાથે ફરીથી જોડાવા, ઈનોવેશન્સ રજૂ કરવા, નવી તકોની ખોજ કરવા અને નવા ઉચ્ચ સંભવિત વેપાર ભાગીદારોને રજૂ કરવા માટે પ્રદર્શનકારીઓને સુવિધા આપે છે. વર્તમાન પ્રવાહ જોતાં એચજીએચ ઈન્ડિયા 2021માં ભારતભરમાંથી અને 19 દેશોમાંથી આશરે 300 બ્રાન્ડ્સ અને ઉત્પાદકો પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ પ્રદર્શનકારીઓ તરીકે તેમની પ્રોડક્ટો પ્રદર્શિત કરશે. ભારતભરનાં 400 શહેર અને નગરના રિટેઈલરો, હોલસેલરો, વિતરકો, કોર્પોરેટ ગિફ્ટ બાયર્સ અને ઈન્ટીરિયર ડિઝાઈનરો તથા આર્કિટેક્ટો સહિત ટ્રેડ બાયરોએ તેમની મુલાકાત માટે નોંધણી કરાવી દીધી છે. આમાં ભારતભરની મોટા ભાગની અગ્રણી રિટેઈલ ચેઈનનો સમાવેશ થાય છે.

એચજીએચ ઈન્ડિયા 2021ની 10મી એનિવર્સરી આવૃત્તિ સપ્લાયરો અને બાયરોને નવા નિયમો વચ્ચે તેમના વેપારને ફરીથી પાટા પર લાવવા માટે ઉત્તમ શરૂઆત આપશે.

**ઈનોવેશન્સ ■ ટ્રેન્ડ્સ ■ પ્રોડક્ટ્સ ■ સોર્સીસ ■ તકો**

# સેવાઓ અને સુવિધાઓ

## એટીએમ સુવિધાઓ

એટીએમ સુવિધા ગેટ નં. 2 અને ગેટ નં. 5 નજીક વેન્યુ ખાતે ઉપલબ્ધ છે, જ્યાં પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓ તેમની સુવિધા અનુસાર નાણાં ઉપાડ કરી શકે છે.

## બિઝનેસ સેન્ટર

બિઝનેસ સેન્ટર નિર્માણ કરાયું છે, જ્યાં પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓને કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, દસ્તાવેજોનું પ્રિન્ટિંગ, બિઝનેસ કાર્ડસ પ્રિન્ટિંગ, સ્કેનિંગ, ફેક્સ અને સ્ટેશનરી ખરીદી વગેરે જેવી સુવિધાઓ મળી શકે છે. આ સેવાઓ ટ્રેડ શોના દિવસો (30 નવે. – 3 ડિસે. 2021) દરમિયાન સવારે 9.00થી સાંજે 6.30 વચ્ચે શુલ્કને આધારે મળી શકશે.

## કાર હાયર

પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓ એચડીએચ ઈન્ડિયાની સંપૂર્ણ મુદત અથવા કોઈ પણ દિવસો માટે વિધિસર ટ્રાવેલ એજન્ટ્સ ટેમરિંડ ગ્લોબલ સર્વિસીસ પ્રા. લિ. પાસેથી ડ્રાઈવરો સાથે વિવિધ પ્રકારની ઈકોનોમી અને લક્ઝરી કાર્સ ભાડે લઈ શકે છે. ખાસ કરીને બહારગામ પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓને અસુવિધા ટાળવા માટે કાર ભાડે લેવાની સલાહ છે.

વધુ વિગતો અને બુકિંગ માટે કૃપા કરી સંપર્ક કરો હેમંત કારાંડે, મોબાઈલઃ +91 96 194 69181,

ફોનઃ +91 (22) 6680 2566, ઈ–મેઈલઃ travel.hghindia@tamarindglobal.com

## કોવિડ-19 એસઓપી અને ગાઈડલાઈન્સ

એચજીએચ ઈન્ડિયા 2021 ભારત સરકાર અને સ્થાનિક ગ્રેટર નોઈડા પ્રશાસન દ્વારા જારી બધા કોવિડ–19 સંબંધી નિયમો અને ગાઈડલાઈન્સનું કઠોર રીતે પાલન કરશે. બધા પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓએ તેનું સખત રીતે પાલન કરવાનું આવશ્યક છે, જેમાં નિષ્ફળ જવા પર ટ્રેડ શો વેન્યુમાં અંદર પ્રવેશની મનાઈ કરવામાં આવી શકે છે. વેન્યુ ખાતે ટેમ્પરેચર તપાસ, હાથોનું સેનિટાઈઝેશન, વારંવાર હાથ ધોવાની સુવિધાઓ મળશે. એન્ટીજન અને આરટી–પીસીઆર ટેસ્ટ, આઈસોલેશન રૂમ, મેડિકલ રૂમ અને એમ્બ્યુલન્સ પણ વેન્યુના સંકુલોમાં રહેશે.

## કુરિયર સેવાઓ

પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓ માટે કુરિયર સેવાઓ ટ્રેડ શોની સંપૂર્ણ મુદત દરમિયાન વેન્યુમાં મળી રહેશે. અચૂક સ્થળ ઈન્ફોર્મેશન ડેસ્ક અથવા એચજીએચ ઈન્ડિયાની વેબસાઈટ પરથી મળી રહેશે. તમે નિયુક્ત કુરિયર ડેસ્ક થકી પણ કુરિયર પેકેટ્સ મોકલી શકો છો.

## પ્રાથમિક ઉપચાર

પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓના આરોગ્ય અને સુરક્ષાની ઉચિત મહત્ત્વ આપતાં એચજીએચ ઈન્ડિયાએ પ્રાથમિક ઉપચાર અને પ્રાથમિક તબીબી સુવિધાઓ માટે વ્યવસ્થા કરી છે. ત્યાં ફર્સ્ટ એઈડ તરીકે નિશાન કરવામાં આવ્યું છે અને તે હોલ 9માં વિઝિટર રજિસ્ટ્રેશન એરિયા નજીક છે. એમ્બ્યુલન્સ સુવિધા સર્વ સમયે વેન્યુ ખાતે ઉપલબ્ધ રહેશે, જેમાં સેટ–અપ અને ટ્રેડ શોના દિવસો (30 નવે. 3 ડિસે. 2021)નો સમાવેશ થાય છે. કોઈ પણ તબીબી કટોકટી માટે કૃપા કરીને ડોક્ટર ઓન ડ્યુટીનો સંપર્ક કરી શકો છો. મોબાઈલઃ +91 88 261 04422

## હોટેલ અને મુકામ

એચજીએચ ઈન્ડિયાના વિધિસર પ્રવાસ ભાગીદાર ટેમરિંડ ગ્લોબલ સર્વિસીસ પ્રા. લિ. એચજીએચ ઈન્ડિયા 2021 માટે વેન્યુ ઈન્ડિયા એક્સપો સેન્ટર નજીક અને આસપાસ વિવિધ પ્રકારની બિઝનેસ, લક્ઝરી અને બજેટ હોટેલો સાથે ડિસ્કાઉન્ટના દર ધરાવે છે. અમુક આ હોટેલોમાંથી વેન્યુ ખાતે આવજા કરતી નિઃશુલ્ક શટલ બસ સેવા પણ ઉપલબ્ધ છે. હોટેલ રિઝર્વેશન સુવિધા મેળવવા માટે અમારી વેબસાઈટ પર ટેબ ટ્રાવેલ પર ક્લિક કરો www.hghindia.com. આ ટેબમાં એચજીએચ ઈન્ડિયા 2021 ખાતે નોંધણીકૃત પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓને હોટેલની પ્રોફાઈલ, સ્ટાર રેટિંગ, ઉપલબ્ધતા, કિંમત, ઓફર કરાતી સેવાઓ, વેન્યુથી અંતર અને આવી માહિતી સબ–લિંક ટ્રાવેલ એન્ડ સ્ટે પર ક્લિક કરીને મળી શકે છે. બધી વિગતો અને બુકિંગ માટે કૃપા કરીને સંપર્ક હેમંત કારંડે, મોબાઈલઃ +91 9619469181, ફોનઃ +91 (22) 6680 2566, ઈમેઈલઃ travel.hghindia@tamarindglobal.com

## લેફ્ટ લગેજ

લેફ્ટ લગેજ સુવિધાઓ હોલ 9 અને હોલ 15માં વિઝિટર રજિસ્ટ્રેશન નજીક મળશે. પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓ આ સુવિધા ટ્રેડ શોના દિવસો (30 નવે. – 3 ડિસે, 2021) દરમિયાન સવારે 9.00થી સાંજે 7.30 દરમિયાન મફતમાં મેળવી શકે છે.

## પાર્કિંગ (મુલાકાતીઓ)

ઈન્ડિયા એક્સપો સેન્ટર ખાતે નિઃશુલ્ક વિઝિટર્સ કાર પાર્કિંગ માટે અલગ જગ્યા નિયુક્ત કરાઈ છે. આ વિસ્તારમાં એન્ટ્રી ઈન્ડિયા એક્સપો સેન્ટરના ગેટ–3થી રહેશે. આ સુવિધાનું વ્યવસ્થાપન પ્રત્યક્ષ ઈન્ડિયા એક્સપો સેન્ટર કરી રહી છે. માલવાહનોને વિઝિટર પાર્કિંગ એરિયામાં પાર્ક કરવાની મનાઈ રહેશે.

## પ્રાર્થના કક્ષ

30 નવે– 3 ડિસે. 2021ના ટ્રેડ શોના કલાકો દરમિયાન ધાર્મિક પ્રાર્થના માટે હોલ 9 અને હોલ 15 સંકુલમાં પ્રાર્થના કક્ષ નિર્માણ કરાયો છે.

## શટલ બસ સેવા

પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓની સુવિધા માટે એચજીએચ ઈન્ડિયાએ ટ્રેડ શો વેન્યુ અને એરપોર્ટસ, રેલવે સ્ટેશનો, હોટેલો અને મેટ્રો સ્ટેશનો સહિત દિલ્હી અને ગ્રેટર નોઈડીમાં વેન્યુ નજીક મહત્ત્વપૂર્ણ સ્થળો વચ્ચે નિઃશુલ્ક શટલ બસ સેવાઓની પણ વ્યવસ્થાપન કરી છે. આમાં દિલ્હીમાં આઈજીઆઈ એરપોર્ટ ટર્મિનલ ટી1 અને ટી3, નવી દિલ્હી રેલવે સ્ટેશન (અજમેરી ગેટની બાજુ), નવી દિલ્હી મેટ્રો સ્ટેશન, નિઝામુદ્દીન રેલવે સ્ટેશનનો સમાવેશ થાય છે. શટલ બસ વિવિધ હોટેલથી એચજીએચ ઈન્ડિયાના સ્થળ સુધી પણ ઉપલબ્ધ છે. વિવિધ સ્થળથી લાવવા– છોડવા માટે પ્રસ્તાવિત સમયપત્રક મેનુ ટ્રાવેલ હેઠળ સબ મેનુ શટલ બસ શિડ્યુલમાં www.hghindia.com પર ઉપલબ્ધ છે. તે ઈન્ફોર્મેશન ડેસ્ક્સ, બસની અંદર અને વેન્ય ખાતે પિક–અપ સ્થળે પણ મળી શકશે.

શટલ બસ સ્થળથી આવવા– જવા માટે ક્રાઉન પ્લાઝા અને રેડિસન બ્લુ, જેપી ગ્રીન્સ અને સેવોય સ્યુટ્સ, કોનોટ પ્લેસ અને લાજપત નગર, બોટેનિકલ ગાર્ડન મેટ્રો સ્ટેશન, પરી ચોક અને નોલેજ પાર્ક સુધી પણ ઉપલબ્ધ છે.

## રેસ્ટોરાં અને કેફેટેરિયા

સેટ–અપના દિવસો અને ટ્રેડ શોના દિવસો દરમિયાન બધા પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓને આયોજકો દ્વારા મફત પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે. ઉપરાંત ઈન્ડિય એક્સપો સેન્ટર ખાતે કેફેટેરિયા અને રેસ્ટોરાંમાંથી પણ પીવાનું પાણી ખરીદી શકાશે.

30 નવે– 3 ડિસે. 2021 સુધી ટ્રેડ શોના દિવસો દરમિયાન ફૂડ કોર્ટસ, રેસ્ટોરાં અને કેફેટેરિયા ઘણા બધાં સ્થળ કાર્યરત રહેશે. વિવિધ સ્થળે હોલની બહાર આઉટડોર કેફેટેરિયા અને ફૂડ ટ્રક્સ પણ કાર્યરત રહેશે. બધા પ્રદર્શનકારીઓ, ટ્રેડ મુલાકાતીઓ અને વીપીઆઈ માટે આયોજકો દ્વારા સ્થાપિત એક્સક્લુઝિવ લાઉન્જીસમાં હોસ્પિટાલિટી અને બેવરેજીસ પણ પૂરાં પાડવામાં આવશે.

## ટેક્સી

દિલ્હી મેટ્રોપોલિટન રિજન ઘણી બધી મીટર્ડ અને રેડિયો ટેક્સી (કોલ–અ–ટેક્સી) સેવાઓ આપે છે. ઓટો જાહેર પરિવહનનું મહત્ત્વપૂર્ણ અને લોકપ્રિય માધ્યમ છે, કારણ કે તે ટેક્સી કરતાં સસ્તું માધ્યમ છે અને વધુ સંખ્યામાં ઉપલબ્ધ હોય છે. આ પ્રદેશ થકી ટેક્સી, કેબ્સ અને તાજેતરની ઓટોના ઓનલાઈન બુકિંગની સંકલ્પના બહુ ઝડપી અને સફળ છે. રેડિયો ટેક્સીઓ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એરપોર્ટસ અને સેન્ટ્રલ રેલવે સ્ટેશનો જ્યાં બહારગામની ટ્રેનો પૂરી થાય છે (નવી દિલ્હી, જૂની દિલ્હી, હઝરત નિઝામુદ્દીન, આનંદ વિહાર ટર્મિનલ, દિલ્હી કેન્ટોનમેન્ટ વગેરે) ખાતે પણ ભાડે લઈ શકાશે.

રેડિયો ટેક્સીઓ તમને તમે ચાહો તે કોઈ પણ સ્થળેથી લઈ જવા અહોરાત્ર નિમ્નલિખિત કોઈ પણ સેવા પ્રદાતાઓ પાસેથી 24 કલાકથી 1 કલાક અગાઉ બુક કરી શકાશે. ગૂગલ મેપ્સ પર ઉત્તમ માર્ગ શોધી કાઢવો તે સામાન્ય વ્યવહાર છે, કારણ કે સ્થળ પર પહોંચવા માટે ઘણા બધા માર્ગ છે અને અલગ અલગ રસ્તા પર ટ્રાફિકની સ્થિતિ બદલાતી રહે છે. જો તમે ઓલા કે ઉબર કેબ બુક કરતા હોય તો પિકઅપ પોઈન્ટ ઈન્ડિયા એક્સપો સેન્ટરનો ગેટ નં. 7 રહેશે.

**ઓલા કેબ્સ** (એપ ડાઉનલોડ કરો)

www.olacabs.%%%com

ઉબર કેબ્સ (એપ ડાઉનલોડ કરો)

www.uber.com

સખા કન્સલ્ટિંગ વિંગ્સ કેબ્સ

+91 99 9919 3004 (ખાસ મહિલાઓ માટે)

## પ્રવાસ સેવાઓ

એચજીએચ ઈન્ડિયાના વિધિસર ટ્રાવેલ એજન્ટ ટેમરિંડ ગ્લોબલ સર્વિસીસ પ્રા. લિ. છે, જે પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓ માટે વ્યાપક શ્રેણીની પ્રવાસ સેવાઓ આપે છે. આમાં ભારતભરમાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એર ટિકિટ્સ, કાર ભાડે, હોટેલ રિઝર્વેશન અને મુખ્ય પર્યટન સ્થળે પેકેજડ ટુર્સનો સમાવેશ થાય છે. તે દિલ્હી એનસીઆરમાં અને આસપાસ ટૂંકાં ટુર પેકેજીસ પણ ઓફર કરે છે. છેલ્લી ઘડીએ ધસારો અને અસુવિધા ટાળવા માટે તમારી હોટેલો અગાઉથી બુક કરવાનું અને તે મુજબ તમારી અન્ય પ્રવાસ વ્યવસ્થાઓ કરવાનું સલાહભર્યું છે.

ટ્રાવેલ એજન્ટ સુધી ટ્રાવેલ ટેપ થકી પહોંચવા માટે છે www.hghindia.com. એચજીએચ ઈન્ડિયા વિધિસર ટ્રાવેલ એજન્ટ દ્વારા વ્યવસ્થાપન કરાતું ટ્રાવેલ ડેસ્ક પણ ધરાવે છે, જ્યાં પ્રદર્શનકારીઓ અને મુલાકાતીઓ 30 નવે.– 3 ડિસે, 2021 સુધી બધી પ્રવાસ સંબંધી સેવાઓ મેળવી શકે છે.

# એચજીએચ ઈન્ડિયા 2021 ખાતે ઈટાલી

નવી દિલ્હીમાં ઈટાલિયન ટ્રેડ કમિશન પણ ભારતમાં શ્રેષ્ઠતમ મેડ ઈન ઈટાલીને પ્રમોટ કરવા આ વર્ષના એચજીએચ ઈન્ડિયા 2021માં ભાગ લઈ રહ્યું છે. તેની 10મી વાર્ષિક આવૃત્તિમાં હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ્સ માટેનો આ ટ્રેડ શો ભારતભરનાં 400 શહેરો અને નગરોના આંતરરાષ્ટ્રીય પ્રદર્શનકારીઓ, ટ્રેડ અને સંસ્થાકીય બાયરો માટે મહત્ત્વપૂર્ણ સ્થળ બની રહેશે.



**એલેસેન્ડ્રો લિબરેટોરી,**
*ટ્રેડ કમિશનર, ઈટાલિયન ટ્રેડ એજન્સીના ડાયરેક્ટર– ભારત, બંગલાદેશ, શ્રીલંકા માટે નવી દિલ્હીના સમન્વયક*

કોવિડ–19 પ્રેરિત લોકડાઉન અને લાંબા અટકાવ પછી દુનિયાભરમાં વેપારોને ફટકો પાડ્યા પછી નવી આશા સાથે બજારો ધીમે ધીમે ફરીથી ખૂલી રહી છે. આવા અનિશ્ચિત સમયમાં પણ ઈટાલિયન સહભાગ બે દેશો વચ્ચે મજબૂત દ્વિપક્ષી જોડાણ આલેખિત કરે છે અને ફર્નિચર ક્ષેત્રમાં બે દેશો વચ્ચેનો વેપાર તેનો દાખલો છે.

ઈટાલી ભારતમાં ફર્નિચરની ચોથી સૌથી વિશાળ સપ્લાયર છે, જેમાં ભારતે જાન્યુઆરીથી ઓગસ્ટ 2021 દરમિયાન ઈટાલીથી 44.7 મિલિયન યુએસ ડોલરનાં ફર્નિચર આયાત કરીને ગત વર્ષે આ જ સમયગાળાની તુલનામાં 43.6 ટકાનો વધારો નોંધાવ્યો હતો.

મેડ ઈન ઈટાલી ઈનોવેશન, સ્ટાઈલ, ગુણવત્તા, મનોહરતા અને હાઈ– ટેક ડિઝાઈન સાથે ઉત્તમ સુમેળ સાધે છે, જેને માટે વધતા મધ્યમ વર્ગ ભારતીય ગ્રાહક લગાવ ધરાવે છે અને ઈટાલી ડિઝાઈન ક્ષેત્રમાં તેની શક્તિ સાથે ફંકશનલ છતાં એસ્થેટિક પ્રોડક્ટો સાથે ભારતીય ઘરોને સુશોભિત કરી શકે છે.

મુરાનોની ક્લાસિકલ ડિઝાઈનથી ડેકોરવેર, કિડ્સ ફર્નિચરથી લક્ઝરી ફિટનેસ સુધી શ્રેણીની 6 ઈટાલિયન કંપનીઓના કેટલોગ પ્રદર્શન થકી ઈટાલીનો સહભાગ કોવિડ પશ્ચાત સમયગાળામાં લોકો આરોગ્ય પ્રત્યે વધુ સતર્ક બન્યા છે અને તેમના વહાલાજનો સાથે તેમનાં ઘરમોમાં તેમનો વધુ સમય વિતાવવા માગે છે ત્યારે અત્યંત નોંધરાત્ર છે.

ઈટાલિયન બૂથમાં સહભાગી થનારી ઈટાલિયન કંપનીઓમાં મલ્ટીડિઝાઈન, ફેરેરો લેગ્નો, વાસ્તારેડો, વેવ મુરાનો ગ્લાસ, પેરલેડ આર્ટ દી ટર્નોઈટો ચિયારા અને મોડનીઝ ઈન્ટીરિયર્સનો સમાવેશ થાય છે.


ઈટાલિયન કંપનીઓ આ વાસ્તવિકતા સાથે ઉત્તમ પરિચિત છે કે ભારત ઔદ્યોગિક યંત્રો, ડિઝાઈન, ફેશન અને ખાદ્યની નિકાસ માટે ઉત્તમ સંભાવના સાથે દુનિયામાં સૌથી મજબૂત અને ઝડપથી વૃદ્ધિ પામતી અર્થવ્યવસ્થામાંથી એક છે. બીજી બાજુ ભારતીય કંપનીઓએ ઈટાલીનું સ્થાન યુરોપમાં દ્વિતીય સૌથી વિશાળ ઉત્પાદક અને દુનિયાની ડિઝાઈનની રાજધાની તરીકે માન્ય કર્યું છે.

આથી ઈટાલિયન અને ભારતીય કંપનીઓ વચ્ચે વધુ ને વધુ ભાગીદારીઓ આગામી વર્ષોમાં સર્જાશે અને કોવિડ પશ્ચાત સહભાગ નવી શરૂઆતનું માત્ર પ્રતિક છે.


Ferrero Legno


Multidesign


Wave Murano Glass


Perle d'Arte di Turnotto Chiara


Modenese Interiors


Vastarredo

# વર્લ્ડ ઓફ સ્લીપ

વર્લ્ડ ઓફ સ્લીપ 2021 સ્લીપ પ્રોડક્ટમાં ભારતીય અને વૈશ્વિક ઈનોવેશન્સ બતાવવા અને યોગ્ય સ્લીપ પ્રોડક્ટોની પસંદગીને પ્રભાવિત કરતી અને ગ્રાહકોને ઉત્તમ માહિતી આપતાં વિવિધ અંગત પરિબળોને સમજવામાં તમને મદદરૂપ થવા માટે એચજીએચ ઈન્ડિયા અને આઈએસપીએફની પહેલ છે.

તમે ઉદ્યોગ અને ગ્રાહકો વચ્ચેનો સેતુ જોડતા હોવાથી વર્લ્ડ ઓફ સ્લીપનું લક્ષ્ય સ્લીપ પ્રોડક્ટ વેચવા પૂર્વે સ્લીપનું મહત્ત્વ વેચવા માટે ગ્રાહકોને ઉત્તમ સ્લીપ નિવારણો પૂરાં પાડવામાં તમને ટેકો આપવાનું છે.

### ટેકનોલોજીનું સ્લીપ સાથે મિલન

આજે ટેકનોલોજીમાં આધુનિકતા બહેતર સ્લીપ– ક્વોલિટી સાથે ઉત્તમ સુમેળ સાધે છે. ઊભરતી નવીનતા લોકોને તેમની પરિપૂર્ણ નિદ્રાના અનુભવોની આસાન, કિફાયતી અને પહોંચક્ષમ રીતે દેખરેખ રાખવા, માપન કરવા અને તેમાં વધારો કરવા મદદ કરે છે.

તમે ઘણા બધા દાખલા જોઈ અને શોધી શકો છોઃ





- સ્લીપ– મોનિટરિંગ ગેજેટ્સ
- સ્માર્ટ તકિયા અને એસેસરીઝ
- તમે સૂઈ જાઓ ત્યારે શું યોગ્ય અને શું ખોટું છે તેની ઉત્તમ પકડ માટે આઈઓટી– બેડ્સ
- ઉપભોક્તા અનુભવને પર્સનલાઈઝ કરી શકતી ઈન્ટેલિજન્સ મેટ્રેસીસ અને બેડ્સ
- ઘોરવાનું અને અન્ય ઊંઘના વિકારો કાબૂમાં લેવા માટે સાધનો.

### રિટેઈલની ભૂમિકા

રિટેઈલરો સ્લીપ પ્રોડક્ટોના વિક્રેતાથી પણ પર છે. રિટેઈલરો ગ્રાહકના વિશ્વાસુ સલાહકાર, પ્રોડક્ટ નિષ્ણાત અને મેન ફાયડે બની શકે છે, જે ઉપભોક્તાઓને ચોક્કસ જરૂરતો, મુદ્દાઓ અને પડકારો સાથે સુમેળ સાધતી યોગ્ય સ્લીપ પ્રોડક્ટોની પસંદગી કરવા માટે સશક્ત બનાવે છે.

રિટેઈલરો એવો ઉત્તમ અવાજ છે, જે ગ્રાહકોને તેના કે તેણીના નિદ્રાના અનુભવને બહેતર બનાવવા માટે શું ખરીદી કરવું, શા માટે ખરીદી કરવું અને કઈ રીતે ખરીદી કરવું તેમાં માર્ગદર્શન આપે છે.

જ્ઞાનક્ષમ અને સહાનુભૂતિ ધરાવતા રિટેઈલરો ગ્રાહકોને પ્રોડક્ટોની કિંમતોમાં તફાવત વિશે માહિતગાર કરી શકે છે. દા.ત. રૂ. 10,000 અને રૂ. 2,00,000ની મેટ્રેસ વચ્ચે કમ્ફર્ટ અને હેલ્થના ફાયદા અથવા ઓછી જાડાઈની અથવા વધુ જાડાઈની મેટ્રેસ કમ્ફર્ટમાં કેટલો ફરક લાવી શકે છે.

ઓફલાઈન રિટેઈલ શોપ મેટ્રેસીસ શોપિંગ ટૂથપેસ્ટ લેવા કરતાં વધુ ગંભીર શા માટે છે તે જાણવા ઉપભોક્તાઓ માટે ઉત્તમ સ્થળ છે. તેમાં સમય, ધ્યાન, પર્સનલાઈઝેશન અને પ્રયાસની જરૂર પડે છે, કારણ કે તે ઉત્તમ આરોગ્યના સ્વરૂપમાં આખરે ફળ આપે છે.

**વિઝિટર રજિસ્ટ્રેશન**
ટ્રેડ વિઝિટર્સ!
રૂ. 1,000ની એન્ટ્રી ફી **બચાવવા** માટે
**20મી નવેમ્બર, 2021 સુધી**
www.hghindia.com પર
ઓનલાઈન નોંધણી કરો.


સહાય માટે કૃપા કરી સંપર્ક કરોઃ
અમર શર્માઃ +91 99 676 00286
ઈ–મેઈલઃ visitors@hghindia.com

# ટ્રેન્ડ્સ 2021–22

એચજીએચ ઈન્ડિયા ટ્રેન્ડ્સ 2021–22 ભારતીય હોમ માર્કેટ માટે આ સમયગાળામાં વર્ચસ જમાવનારા પ્રવાહો ઉજાગર કરશે. દર વર્ષે એચજીએચ ઈન્ડિયા ભાવિ કલર્સ, ડિઝાઈન્સ, મટીરિયલ્સ અને સ્ટાઈલ્સના વરતારો આપે છે, જે ભારતીય બજારમાં હોમ ફેશન અને લાઈફસ્ટાઈલ પ્રવાહોમાં મુખ્ય ભજવવાની શક્યતા હોય છે. આ પ્રવાહો બદલાતા કલર્સ, ડિઝાઈન્સ અને મટીરિયલ્સનું વ્યાપક ક્યુરેશન હોય છે, જે ભારતીય હોમ પ્રોડક્ટ્સ બજારમાં ગ્રાહકોની ભાવિ માગણીઓ માટે સ્પષ્ટ પ્રેરણા આપવા માર્ગદર્શન કરે છે. આ વર્ષના પ્રવાહોને બધા માટે પડકારજનક રહેલા ગયા વર્ષ દરમિયાન સામાજિક, સાંસ્કૃતિક અને ટેકનોલોજિકલ પાસાંઓ થકી પસાર થયેલા સમાજમાં અચાનક આવેલા પરિવર્તનને પહોંચી વળશે.


મહિનાઓ સુધી ઘરમાં રહીને ગ્રાહકોના જીવનમાં ઘરના સ્થળની નવી વ્યાખ્યા ઊભી થઈ છે. ઘર કામ, રમત, આરામ કે કાયાકલ્પ સહિતની બધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. ગ્રાહકો તેમના ઘરમાં એવું પરિવર્તન લાવી રહ્યા છે, જે પ્રેમનો પ્રવાસ બને અને તેમાં ડિઝાઈન, કલર અને મટીરિયલ પસંદગી અને પ્રોડક્ટોનું મહત્ત્વ ઉજાગર થયું છે, જે તેમના વ્યક્તિત્વને ઉત્તમ રીતે પ્રદર્શિત કરે છે અને તેમનો મૂડ ઉત્તમ બનાવે છે.


એચજીએચ ઈન્ડિયા ટ્રેન્ડ્સ ફોર 2021–22 અનુભવી જર્મન આધારિત ડિઝાઈન ટીમ દ્વારા વ્યાપક સંશોધન થકી રચવામાં આવ્યા છે. **“ઓન્વર્ડ્સ, રિસેટ ટુગેધર!”** ભારતીય બજારના પ્રવાહો વર્ષ 2021–22 માટે હોમ શ્રેણીઓ– હોમ ટેક્સટાઈલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ્સમા લાગુ છે. **“ઓન્વર્ડ્સ, રિસેટ ટુગેધર!”** આ પ્રવાહો ચાર પેટા–જૂથોમાં વિભાજિત કરાયા છે, જેમાં **હોમ એન્ડ રૂટ્સ, ગૂડ વાઈબ્સ ઓન, ગ્રીનફ્લુએન્સર** અને **ગોલ્ડન અવર્સનો** સમાવેશ થાય છે.










એચજીએચ ઈન્ડિયા 2021 ખાતે હોલ 15માં ટ્રેન્ડ ફોરમ વાસ્તવિક પ્રોડક્ટોના આ પ્રવાહોમાં એપ્લિકેશન માટે વૈવિધ્યપૂર્ણ આઈડિયા ઓફર કરીને તેને સ્પર્ધામાં સદા આગળ રહેવા માગતા બ્રાન્ડ્સ, રિટેઈલરો, ઉત્પાદકો, ઈન્ટીરિયર ડિઝાઈનરો અને ઉદ્યોગના ખેલાડીઓ માટે અવશ્યક મુલાકાત લેવાનું સ્થળ બનાવે છે.

નોંધણી માટેઃ www.hghindia.com મુંબઈઃ ફોનઃ +91 (22) 2421 4111, દિલ્હીઃ ફોનઃ +91 (11) 2571 4111. ઈમેઈલઃ visitorshghindia.com